અપીલ અરજી નં.૬૫૭ તા.૨૯ –૨–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રીમતિ ગીતાદેવી અંબાલાલ પટેલ તથા સુનિતાદેવી છોટેલાલ ગૌસ્વામી
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–વરાછાઝોન,
ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–સ્લમ અપગ્રેડેશન સેલ,
વીજીલન્સ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી –વીજીલન્સ વિભાગ

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતી ગીતાદેવી અંબાલાલ પટેલ તથા શ્રીમતી સુનીતાદેવી છોટેલાલ ગૌસ્વામીએ તા. ૨૯–૨–૧૨ની અરજીથી તા. ૧૭–૨–૧૨ની અરજીના અનુસંધાનમાં મફતનગર ઉમરવાડાના બે મકાનો આજદિન મળેલ નથી મળવા બાબત. અમે ૧૫ થી ૨૫ વર્ષથી અમે રહેવા આવેલા છે અને અમારી અરજી પર ઘ્યાનમાં રાખી કોસાડના આવાસ અમને મળવા માટે તાકીદે ફોર્મ ભરવા નમ્ર વિનંતી. અમારો મો.નં. ૭૪૦૫૯૩૭૨૧૯ છોટેલાલ શીવધની ગૌસ્વામીએ અંબાલાલ સુખલાલભાઈ પટેલ આ વ્યકિતઓને મકાન આવાસ કોસાડના મળ્યા નથી એનું કારણ જણાવવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૫૭/૨૦૧૧–૧૨

શ્રીમતી ગીતાદેવી અંબાલાલ પટેલ તથા શ્રીમતી સુનીતાદેવી છોટેલાલ ગૌસ્વામીએ તા. ૨૯–૨–૧૨ની અરજીથી તા. ૧૭–૨–૧૨ની અરજીના અનુસંધાનમાં મફતનગર ઉમરવાડાના બે મકાનો આજદિન મળેલ નથી મળવા બાબત. અમે ૧૫ થી ૨૫ વર્ષથી અમે રહેવા આવેલા છે અને અમારી અરજી પર ઘ્યાનમાં રાખી કોસાડના આવાસ અમને મળવા માટે તાકીદે ફોર્મ ભરવા નમ્ર વિનંતી. અમારો મો.નં. ૭૪૦૫૯૩૭૨૧૯ છોટેલાલ શીવધની ગૌસ્વામીએ અંબાલાલ સુખલાલભાઈ પટેલ આ વ્યકિતઓને મકાન આવાસ કોસાડના મળ્યા નથી એનું કારણ જણાવવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી હકીકત સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/ ૧૯૫૧ તા. ૭–૩–૧૨થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન , ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી –સ્લમ અપગ્રેડેશન, વીજીલન્સ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી–વીજીલન્સ તથા અરજદારને માહિતી માંગણી અંગે નારાજગી છે કે તકરાર નિવારણની ? કઈ માહિતી અંગે નારાજગી છે તે આધાર સહ સ્પષ્ટ કરવા સાથે ફી ભરપાઈ કર્યાની વિગત સહિત મૂળ માંગેલ માહિતીની વિગતો તેમજ પક્ષકાર જાહેર માહિતી અધિકારીની વિગતો, કોઈ તબદીલી થયેલ હોય તો તે પણ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન તરફથી પત્ર નં. એસયુસી/આઉટ નં./૨૮૫૫ તા. ૧૬–૩–૧૨થી પૂરક વિગતોમાં પત્ર નં. એસયુસી/આઉટ નં./૨૮૦૦ તા. ૧૩–૨–૧૨થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ , સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૫૧૫ તા. ૧–૩–૧૨થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેરશ્રી વરાછાઝોન તથા કાર્યપાલક ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન સેલને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારની તા. ૨૯–૨–૧૨ની અરજીની નકલ, તા. ૧૭–૨–૧૨ની વરાછાઝોનને કરેલ અરજીની નકલ, છોટેલાલ ગૌસ્વામીના ચૂંટણી કાર્ડની ઝેરોક્ષની નકલ, સુનીતાબેન ગૌસ્વામીના ચૂંટણી કાર્ડની ઝેરોક્ષની નકલ, તા. ૨૯ –૨–૧૨ના એફીડેવીટની નકલ, તા. ૨૭–૨–૧૨ના પત્રની નકલ, નારી શકિત મહિલા વિકાસ મંડળની અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/આ.નં./૧૦૮૯ તા. ૨૩–૩–૧૨થી પૂરક વિગતોમાં તા. ૧૭–૨–૧૨ની વરાછાઝોનને કરેલ અરજીની નકલ, છોટેલાલ ગૌસ્વામીના ચૂંટણી કાર્ડની ઝેરોક્ષની નકલ, સુનીતાબેન ગૌસ્વામીના ચૂંટણી કાર્ડની ઝેરોક્ષની નકલ, તા. ૨૯ –૨–૧૨ના એફિડેવીટની નકલ, નારી શકિત મહિલા વિકાસ મંડળની અરજીની નકલ, તા. ૨૭–૨–૧૨ના પત્રની નકલ, વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૧૦૮૯ તા. ૧૯–૩–૧૨થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૨૯–૨–૧૨ની અરજીથી તા. ૧૭–૨–૧૨ની અરજી અંગે ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.

સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૫૧૫ તા. ૧–૩–૧૨થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેરશ્રી વરાછાઝોન તથા કાર્યપાલક ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન સેલને તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૯–૨–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ નં./૨૮૦૦ તા. ૧૩–૩–૧૨થી નિયત સમય અવધિમાં અરજદારને પાઠવેલ જવાબમાં " વિવિધ ઝોનના સ્થળાંતરપાત્ર ઝુંપડાવાસીઓને આવાસ મેળવવા બાબતના અરજીપત્રકના વિતરણની કામગીરી તથા અરજીપત્રકો સ્થાયી પુરાવા સહિત ભરાઈ ગયા બાદ તેને સ્વીકારી ચકાસણી કરવાની કામગીરી ઝોન કક્ષાએથી કરવામાં આવતી હોય ઉપરોકત બાબત સ્લમ અપગ્રેડેશન વિભાગને સ્પર્શતી નથી. ઉકત બાબતની અરજી સેન્ટ્રલઝોન દ્રારા વરાછાઝોનને પત્ર નં. ૨૫૧૫ તા. ૧–૩–૧૨થી તબદીલ કરેલ છે." તેવું જણાવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૧૦૮૯ તા. ૧૯–૩–૧૨થી નિયત સમય અવધિમાં " અરજદારો પૈકીનાં ગીતાદેવી અંબાલાલ પટેલ વરાછાઝોનના સ્પોટ સર્વે મુજબ ઝુંપડાનાં કબજેદાર જણાયેલ નથી. જયારે અન્ય અરજદાર સુનિતાદેવી છોટેલાલ ગૌસ્વામીને ઝુંપડા નં. ૬૬૯નાં બદલામાં અરજી ફોર્મ નં. ૧૩૨૮૬ આપવામાં આવેલ. પરંતુ મજકુર(૧) સુનિતાદેવી છોટેલાલ ગૌસ્વામી તથા (૨) છોટેલાલ શિવધનીભાઈ ગૌસ્વામી તરફથી પોતે ભાડુત હોવાથી ઝુંપડાનાં માલિક કહે તે નામે ફોર્મ ટ્રાન્સફર કરવા તા. ૨૯–૧૧–૧૧નાં રોજ નોટરાઈઝડ સંમતિપત્ર આપવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં આવાસ ફાળવવાનું થતુ નથી. " તેવું જણાવેલ છે.

વધુમાં અરજદારને અપીલ તબક્કે માહિતી માંગણી અંગે નારાજગી છે કે તકરાર નિવારણની ? કઈ માહિતી અંગે નારાજગી છે તે આધાર સહ સ્પષ્ટ કરવા સાથે ફી ભરપાઈ કર્યાની વિગત સહિત મૂળ માંગેલ માહિતીની વિગતો તેમજ પક્ષકાર જાહેર માહિતી અધિકારીની વિગતો, કોઈ તબદીલી થયેલ હોય તો તે પણ રજૂ કરવા અત્રેથી પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી કોઈ માહિતી કે વિગત અત્રે મળેલ જણાતી નથી. તથા તેમને મળેલ માહિતી અંગે નારાજગી હોય તો આધાર સહ તેમનો પક્ષ રજૂ કરેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૯–૨–૧૨ ધ્યાને લેતાં ૨૯–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૩–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા. ૨૯–૨–૧૨ની અરજીથી તા.૧૭–૦૨–૧૨ની અરજી અંગે માંગવામાં આવેલી માહિતી બાબતે તા. ૨૯–૨–૧૨ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ હોઈ, આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ અપીલનું કારણ ઉત્પન્ન થતું નથી. તેમ છતાં અરજી તબદીલ થયેલ બન્ને જાહેર માહિતી અધિકારી દ્રારા દફતરી માહિતી સમય મર્યાદામાં અરજદારને પુરી પાડેલ હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. "

(પી.જે. ઝાલા)<br>
ડે.કમિશ્નર (સ્પે.)<br>
અને ત.એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી– વરાછાઝોન, ડે.કમિ.અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–સ્લમ અપગ્રેડેશન સેલ, વીજીલન્સ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–વીજીલન્સ .... જાણ તથા અમલ માટે

(૨)શ્રીમતી ગીતાદેવી અંબાલાલ પટેલ તથા શ્રીમતી સુનીતાદેવી છોટેલાલ ગૌસ્વામી,